Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૧૧ નવેમ્બર, ૨૦૨૩

11/11/2023 * VOL : 44 * NO. 61 સંવત- ૨૦૭૯, આસો વદ-૧૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૧

આજનો સુવિચાર

વેદના એ વાતનો પુરાવો છે કે, આપણામાં સંવેદના સજીવન છે

# સંરક્ષણ ક્ષેત્રે ભારત-અમેરિકા વચ્ચે મહત્ત્વપૂર્ણ સમજૂતી

**નવી દિલ્હી,**
ભારત અને યુ.એસ.એ વચ્ચે યોજાયેલી ટુ પ્લસ ટુ મીટીંગમાં શુક્રવારના રોજ ચીનના પડકારનો સામનો કરવા માટે મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિકને સુરક્ષિત રાખવા માટે તેમની વ્યૂહાત્મક ભાગીદારીને વિસ્તારવા માટે નવા રસ્તાઓ શોધી કાઢ્યા હતા, બંને પક્ષોએ સંયુકત રીતે સશસ્ત્ર પાયદળ વાહન વિકસાવવા અને ઉત્પાદન કરવાની યોજનાઓ પર મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ હતી.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને વિદેશ પ્રધાન એસ જયશંકર અને તેમના અમેરિકન સમકક્ષ લોયડ ઓસ્ટિન અને એન્ટની બ્લિંકનની સહ-અધ્યક્ષતા હેઠળની પાંચમી વાર્ષિક મંત્રી સ્તરીય સંવાદમાં સંરક્ષણ ઉદ્યોગની ભાગીદારીથી લઈને આતંકવાદ વિરોધી અને અત્યાધુનિક તકનીકો સુધીના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સેમિકન્ડકટર્સ અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં સમજૂતીઓ સધાઈ હતી.

જૂનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુ.એસ.ની મુલાકાત દરમિયાન અનાવરણ કરાયેલી અનેક પહેલો પર બંને પક્ષો વચ્ચે વાતચીત થઈ હતી. બંને પક્ષો ભારતના નવા લડાયક જેટને પાવર આપવા માટે એન્જિનના સહ-ઉત્પાદન અને ૩૧ MQ-9B રીપર ડ્રોનની સપ્લાય પર સંમત થયા હતા



અને તે પણ અવકાશ, શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં સહકારને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

અમેરિકાના વિદેશપ્રધાન એન્ટની બ્લિંકન અને રક્ષાપ્રધાન ઓસ્ટિન લોયડ હાલમાં ભારતના મહેમાન બન્યા છે. અમેરિકાના આ

## દિલ્હીમાં ભારત-અમેરિકાના પ્રધાનો વચ્ચે યોજાઈ ટૂ પ્લસ ટૂ બેઠક, ખાલિસ્તાની આતંકવાદી પન્નુ સહિતના મુદ્દાઓ પર થઈ ચર્ચા

બંને હાઈ પ્રોફાઈલ નેતાઓએ આજે એટલે કે શુક્રવારે નવી દિલ્હીમાં વિદેશપ્રધાન જયશંકર અને રક્ષાપ્રધાન રાજનાથ સિંહની સાથે ટુ પ્લસ ટુ ચર્ચા કરી. આ દરમિયાન ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. જેમાં ભારત અને કેનેડા વિવાદ પણ સામેલ છે.

આ બેઠક બાદ ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું કે આ બેઠકમાં ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ છે પણ જ્યાં સુધી કેનેડાનો પ્રશ્ન છે. અમે અમારા તમામ મિત્રો અને ભાગીદારોને આ મુદ્દા પર ચર્ચા કરી છે અને તેની પર આપણુ વલણ સ્પષ્ટ છે, જેની પર અમે ઘણા અવસરે વિસ્તારથી જણાવ્યું છે. સુરક્ષાને લઈને ઘણી ચિંતાઓ છે અને મને વિશ્વાસ છે કે તમે બધાએ જ ગુરપતવંત સિંહ પન્નુનો તે વીડિયો જોયો હશે, જેમાં તેને ધમકી આપી છે કે ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાના વિમાનથી ટ્રાવેલ ના કરવુ નહીં તો જીવનું જોખમ રહેશે.

ક્વાત્રાએ કહ્યું કે તેનાથી અમારી સુરક્ષા સંબંધિત ચિંતાઓ વધી ગઈ છે પણ અમે વલણ સ્પષ્ટ કર્યુ છે. જણાવી દઈએ કે બંને દેશોની વચ્ચે આ સ્તરની આ પાંચમી બેઠક છે. આ બેઠક ૨૦૧૮ બાદથી દર વર્ષે થઈ રહી છે.

શીખ ફોર જસ્ટિસ સંગઠનનો પ્રમુખ પન્નુ ભારતનો વોન્ટેડ આતંકી છે. સમગ્ર દેશમાં તેની સામે ૧૬ કેસ દાખલ છે. દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ઉત્તરાખંડમાં ખાલિસ્તાની મૂવમેન્ટને લઈ તેની પર આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેની પર પંજાબના સરહિંદમાં UAPA હેઠળ કેસ દાખલ છે.

## વડાપ્રધાન મોદી સૈનિકો સાથે મનાવશે દિવાળી

**(એજન્સી)નવી દિલ્હી,**
આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૈનિકો સાથે દિવાળીનો તહેવાર ઉજવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદી ભારતીય સેનાના જવાનો સાથે દિવાળીનો તહેવાર મનાવવા માટે જમ્મુના અખનૂર સેકટરમાં જઈ શકે છે.

આ પહેલીવાર નથી જ્યારે પીએમ મોદી સૈનિકો સાથે દિવાળીનો તહેવાર ઉજવશે. ગયા વર્ષે પણ તેઓ દિવાળીના અવસર પર કારગિલ પહોંચ્યા હતા, જ્યાં તેમણે ભારતીય સેનાના જવાનો સાથે રોશનીનો તહેવાર ઉજવ્યો હતો.

૮ નવેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને આ દિવાળી પર સ્થાનિક રીતે ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવા અને તે ઉત્પાદન અથવા તેના ઉત્પાદક સાથે 'નમો એપ' પર સેલ્ફી શેર કરવા માટે આહ્વાન કર્યું છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું હતું કે, આ દિવાળી, ચાલો નમો એપ પર ઈર્ફષ્ઠક્ર્ક્ક ર્ક્િ ર્ષ્ઠક્ર્ક્ક સાથે ભારતના ઉદ્યોગસાહસિકતા અને સર્જનાત્મક ભાવનાની ઉજવણી કરીએ. તેમણે કહ્યું હતું કે, "સ્થાનિક રીતે બનેલી પ્રોડક્ટ્સ ખરીદો અને પછી નમો એપ પર પ્રોડક્ટ અથવા ઉત્પાદક સાથે સેલ્ફી શેર કરો. તમારા મિત્રો અને પરિવારને આ પહેલમાં જોડાવા અને હકારાત્મકતાની ભાવના ફેલાવવા માટે આહ્વાન કરો. પીએમ મોદીએ કહ્યું, આપણે સ્થાનિક પ્રતિભાને સમર્થન આપવા, સાથી ભારતીયોની રચનાત્મકતાને પ્રોત્સાહિત કરવા અને આપણી પરંપરાઓને સમૃદ્ધ રાખવા માટે ડિજિટલ મીડિયાની શક્તિનો ઉપયોગ કરીએ. ઓક્ટોબરમાં તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં પીએમ મોદીએ પણ 'વોકલ ફોર લોકલ' એટલે કે સ્થાનિક ઉત્પાદનોની ખરીદી પર ભાર મૂક્યો હતો.

## આઈસીસીએ શ્રીલંકાના ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કર્યું

**નવી દિલ્હી,**
ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ તાત્કાલિક અસરથી શ્રીલંકા ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરી દીધું છે.આઈસીસી બોર્ડની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વર્લ્ડકપમાં ખરાબ પ્રદર્શન બાદ શ્રીલંકાની સરકારે સમગ્ર બોર્ડને બરતરફ કરી દીધું હતું. નોંધનીય છે કે, વર્લ્ડકપમાં શ્રીલંકાની ટીમનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. શ્રીલંકાએ નવ મેચમાં માત્ર બે મેચમાં જ જીતનો સ્વાદ ચાખ્યો છે. જ્યારે ૭ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

## સીબીઆઈ એક સ્વતંત્ર કાયદાકીય સંસ્થા, તેના પર અમારો કોઇ કંન્ટ્રોલ નથીઃ કેન્દ્ર સરકાર

**(એજન્સી)નવી દિલ્હી,**
કેન્દ્ર સરકારે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અંગે સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે સીબીઆઈ એક સ્વતંત્ર કાનૂની સંસ્થા છે અને તેના પર અમારું કોઈ નિયંત્રણ નથી. પોતાના જવાબમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બંગાળ સરકારની અરજીને ફગાવી દેવા વિનંતી કરી હતી. પશ્ચિમ બંગાળ સરકારે સીબીઆઈ પર એફઆઈઆર નોંધવા અને રાજ્યની મંજૂરી વિના તપાસ શરૂ કરવાનો આરોપ મૂક્યો હતો. પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે રાજ્યમાં ૧૨ કેસોની સુનાવણીમાંથી સીબીઆઈને હટાવવામાં આવવી જોઈએ. રાજ્યએ કહ્યું છે કે રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં આવતા કોઈપણ કેસની તપાસ માટે રાજ્યની મંજૂરી ફરજિયાત કરવામાં આવી છે. તેમ છતાં સીબીઆઇ એફઆઈઆર નોંધીને તપાસ કરી રહી છે. તેના પર કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે સીબીઆઈ એક સ્વતંત્ર કાયદાકીય સંસ્થા છે અને તેના પર તેનું કોઈ નિયંત્રણ નથી. બંગાળ સરકારે બંધારણની કલમ ૧૩૧ હેઠળ સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ મામલામાં કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ બીઆર ગવઈ અને અરવિંદ કુમારની ખંડપીઠને કહ્યું હતું કે બંગાળ સરકારની અરજી સુનાવણી યોગ્ય નથી કારણ કે કલમ ૧૩૧ હેઠળ સીબીઆઈ વિરુદ્ધ કેસ દાખલ કરી શકાય નહીં. હાઈકોર્ટના આદેશ પર સીબીઆઈ તપાસ કરી રહી છે મહેતાએ કહ્યું કે આ કેસમાં ઉલ્લેખિત ૧૨ કેસ સીબીઆઈ દ્વારા કલકત્તા હાઈકોર્ટના નિર્દેશ પર નોંધવામાં આવ્યા હતા.

## ન્યુયોર્કમાં વિશ્વનું સૌ પ્રથમ આઈ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

**(એજન્સી)ન્યુયોર્ક,**
અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં દુનિયાનું સૌ પ્રથમ આઈ ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. ડૉક્ટર્સની ટીમે પહેલીવાર કોઈ માનવીની સંપૂર્ણ આંખોનું પ્રત્યારોપણ કર્યુ હતું. આ ઓપરેશને આશરે ૨૧ કલાક સુધી ચાલ્યું હોવાની માહિતી અપાઈ છે. ઓપરેશન બાદ દુનિયાને તેના વિશે માહિતી આપવામાં આવી હતી. આ ટ્રાન્સપ્લાન્ટને એક મોટી સિદ્ધી માનવામાં આવી રહી છે પરંતુ હજુ એ ન કહી શકાય કે દર્દીની આંખની રોશની પાછી આવશે કે નહીં? સર્જિકલ ટીમને લીડ કરી રહેલા ડૉ. એડુઆર્ડો રોડ્રિગ્ઝે કહ્યું કે સર્જરીના ૬ મહિના બાદ ટ્રાન્સપ્લાન્ટ કરાયેલી આંખોનમાં સારી રીતે કામ કરતી રક્તવાહિનીઓ અને રેટિન દેખાવા લાગશે. તેના પછી જ કંઈક કહી શકાશે કે દર્દી જોઈ શકશે કે નહીં. અમને આ સર્જરી પૂરી કરતાં ૨૧ કલાકનો સમય લાગ્યો હતો. સંપૂર્ણ આંખનું પ્રત્યારોપણ કરાયું છે.

## દિલ્હીમાં વરસાદથી પ્રદૂષણનું સ્તર ઘટ્યુ

**(એજન્સી)નવી દિલ્હી,**
દિવાળીથી પહેલા હવામાનમાં એકાએક પલટો આવતાં દિલ્હી-એનસીઆરના વિસ્તારમાં રહેતા લોકોને મોટી રાહત મળી. દિલ્હી-નોઈડાના અનેક વિસ્તારોમાં રાતે ઝરમર વરસાદને લીધે એકાએક પ્રદૂષણનું સ્તર ગગડી ગયું. આ સાથે જ તાપમાનમાં પણ ઘટાડો થયો હતો. દિલ્હીના ઘણાં વિસ્પરોમાં એક્યુઆઈ લેવલ ૪૦૦થી ગગડીને સીધો ૧૦૦ સીધો પહોંચી ગયો હતો. માહિતી અનુસાર હવામાન વિભાગે જણાવ્યું કે દિલ્હીના બવાના, કંઝાવલા, મુંડાકા, જાફરપુર, નજફગઢ, નોઈડા અને ગ્રેટર નોઈડામાં વરસાદ પડ્યો હતો. આઈએમડીના અહેવાલ અનુસાર બહાદુરગઢ, ગુરુગ્રામ, માનેસર સહિત ઘણા વિસ્તારો ભિંજાયા હતા. તેની સાથે જ હરિયાણાના રોહતક, ખરખૌદા, મટ્ટનહેલ, ઝઝ્ઝર, ફરુખનગર, કોસલીની આજુબાજુના વિસ્તારોમાં પણ આજે વરસાદ થવાના સંકેત મળી રહ્યા છે જેનાથી પ્રદૂષણથી મોટાપાયે રાહત મળવાના સંકેત છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ગુરુવારે મોડી રાતે દક્ષિણ-પશ્ચિમ્ દિલ્હી, એનસીઆર (ગુરુગ્રામ)ની સાથે હરિયાણાના જુદા જુદા સ્થળોએ વરસાદ નોંધાયો હતો. ગોહાના, ગન્નોર, મહમ, સોનીપત, ખરખૌદા, ચરખી દાદરી, મટ્ટનહેલ, ઝઝ્જર, કોસલી, સોહના, રેવાડી, બાવલમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. આજે પણ દિલ્હીમાં સામાન્ય વાદળો છવાઈ રહેશે અને હળવા વરસાદની આશા છે.

## ભારતના વધુ એક દુશ્મનનો પાકિસ્તાનમાં ખાત્મોઃ અકરમ ગાઝી ઠાર

**(એજન્સી) ઈસ્લામાબાદ,**
પાકિસ્તાનમાં ભારતના વધુ એક દુશ્મનની હત્યા કરવામાં આવી છે. પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન લશ્કર-એ-તોઈબાના પૂર્વ કમાન્ડર અકરમ ખાન ઉર્ફે અકરમ ગાઝીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવતાં પાકિસ્તાનના આતંકી સગઠનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. એટલું જ નહીં, લશ્કરના ટોચના કમાન્ડરની હત્યા કરાતા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને પણ મોટો ફટકો પડ્યા છે.

અહેવાલો અનુસાર, પાકિસ્તાનના બાજૌરમાં અજાણ્યા હુમલાખોરોએ અકરમ ગાઝીની ગોળી મારીને હત્યા કરી છે. આતંકી અકરમ ગાડી વર્ષ ૨૦૧૮થી ૨૦20 દરમિયાન લશ્કર-એ-તોઈબાની આંતકીઓની ભરતી સેલનો વડો હતો. સાથે જ તૈ પાકિસ્તાનમાં ભારત વિરોધી ઝેર સતત ઓકતો હતો અને ભારત વિરોધી ભાષણો માટે તે કુખ્યાત હતો. તે લાંબા સમયથી આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હતો. કટ્ટરવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા લોકોની તે ઓળખ કરતો હતો અને તેમની આતંકી સંગઠન લશ્કર-એ-તોઈબામાં ભરતી કરવાની મહત્ત્વની ભૂમિકા નિભાવતો હતો. ખાસ કરીને આતંકીઓને શસ્ત્રોની તાલીમ આપવામાં પણ અકરમ ગાઝ લશ્કર-એ-તોઈબા માટેનો ટોપ ટ્રેનર પણ હતો અને છેલ્લા બે વર્ષમાં તેણે એનક બેચમાં આંતકીઓની કાશ્મીર ખીણમાં ઘૂસણખોરી કરાવી હતી. તેણે ઘૂસાડેલા આતંકીઓએ કાશ્મીર ખીણમાં અનેક હુમલાઓને અંજામ આપ્યો હતો. આમ અકરમ ગાઝી ભારતનો મોસ્ટ વોન્ટેડ આંતકી હતો. ગુરૂવારે સાંજે પાકિસ્તાનના બજૌરમાં અજાણ્યા હુમલાખોરોએ અકરમ ગાઝીને ઠાર માર્યો હતો. હુમલાખોરો બાઈક પર આવ્યા હતા અને અકરમને નિશાન બનાવીને તેના પર જોરદાર ફાયરિંગ કર્યું હતું. અને તેનાથી ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકરમની હત્યા બાદ પાકિસ્તાનના આંતકી સંગઠનો અને આતંકીઓની ઊંઘ હરામ થઈ ગઈ છે.

સર્ટીફાઈડ ગ્રહોના રત્નો
સ્થાપના : ૧૯૩૩
તા.૪ અને ૫/૧૧/૨૩ પુષ્ય નક્ષત્ર ને તા. ૧૦/૧૧/૨૩ ધનતેરસ ના શુભ મુહૂર્તમાં ખરીદી કરો ને સુખ-શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત કરો
હિંમતલાલ ટી.પાટડીયા
વર્ષો થી એક ધારો વિશ્વાસ
સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર, અમદાવાદ-૧
M- 9825035165, 7229035165
જ્યોતિષ માર્ગદર્શન મળશે

ગવર્નમેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર
S.N. JEWELLERS
૮, સ્વસ્તીક સુપર માર્કેટ, સેલ્સ ઈન્ડિયા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.
મો. ૯૯૯૮૦૪૦૭૦૧ ૯૪૨૮૮૮૬૪૬૦૦
ગોલ્ડ રિયલ સિલ્વર ડાયમંડ

॥ શ્રી રાધા ગોવિંદા ॥
સરકાર માન્ય જ્વેલરી વેલ્યુઅર
શુધ્ધ સોનાની લગડી
કાલે દિપાવલી તથા દિવાળીના શુભ મુહુર્તમાં ખરીદો.
૯૯૯ શુદ્ધ સોનાચાંદીની લગડીઓ તથા વિવિધ મુદ્રાઓ
ચોકસી ભાઈલાલ ડાહ્યાભાઈ
માણેકચોક, અમદાવાદ-૧. ફોનઃ ૨૨૧૫૩૨૧૭, ૯૯૦૯૬૬૦૫૮૦

સ્પે. દિવાળી કાઉન્ટર નવદીપ હોલ નારણપુરા સીમા હોલ પ્રહલાદનગર
કાજુ માવાની અવનવી આઇટમો ● વિવિધ ટેસ્ટફુલ નમકીન ● ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષતો ખરાજ
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી
જયહિંદ™ સ્વીટ્સ
Baker's Den
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૬૮૬
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

શ્રી કામધેનુ દુગ્ધાલય
પનીર માવા ચીઝ ક્રીમ
નવરાત્રી તથા દિવાળી માટે સ્પે. શુધ્ધ વલોણાનું ગાયનું ઘી
સ્પે. દુધનો હલવો, કેસર પેંડા, સફેદ માખણ, દેશી વલોણાનું ઘી, ગાયનું શુધ્ધ ઘી, કે.પી.બાસુદી, ક્રિમ સલાડ
મઠોઃ- ફ્રુટ રાજભોગ અંજીર કેસર તથા પ્રસાદીયા પેંડા મળશે.
૨૧/૧૨, મહારાણા પ્રતાપ સેન્ટર, વી.એસ. હોસ્પીટલની પાસે, કાપડીયા ગેસ્ટહાઉસની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૬. ફો.નં.૯૫૮૬૦૦૦૦૭૭

શગુન રત્ન An ISO 9001-2000 Certied Company
ગ્રહોના રીયલ નંગમાં વિશાળ શ્રેણી કલેક્શન
દરેક ગ્રહોના રીયલ નંગ ગેરન્ટી કાર્ડ સાથે મળશે
એસ. પરોપકાર સિંહ જોહરી એન્ડ સન્સ
UGF/15B, આકાશ ટાવર, બોડકદેવ, અમદાવાદ, ૧૬, ચાંદલા ઓળ, માણેકચોક. Ph: 9265682478 / 93755 31688
Email:shagunratna88@yahoo.com

જીરાવાલા® ટુરીઝમ
ગુજરાત ગર્વમેન્ટ LTC માન્ય પ્રવાસો
94087 77333, 94267 55909

| | | | |
|---|---|---|---|
| કાશ્મીર-શ્રીનગર શ્રી વૈષ્ણોદેવી 12 Days | કાશ્મીર-સિમલા કુલુ-મનાલી 17 Days | એક્ષપ્રેસ આગ્રા હરિદ્વાર-મથુરા 08 Days | એક્ષ.આગ્રા-કુલુ મનાલી-ડેલહાઉસી 09 Days |
| સિમલા-કુલુ મનાલી-ડેલહાઉસી 12 Days | આગ્રા-દિલ્હી સિમલા-કુલુ-મનાલી 13 Days | એક્ષ.દ.ભારત-ક.કુમારી રામેશ્વર-તીરૂપતી 18 Days | ગોવા-મહાબળેશ્વર લોનાવાલ 08 Days |
| બેંગ્લોર-મૈસુર-ઉટી 11 Days | ગંગાસાગર - કોલકત્તા ચંપારણ્ય - જગન્નાથપુરી 15 Days | | જોધપુર-જેસલમેર જયપુર-પુષ્કર 12 Days |

હાઈટેક બિલ્ડીંગ, દિવાન બલ્લુભાઈ સ્કૂલની બાજુમાં, મ્યુઝીયમની સામે, પાલડી, અમદાવાદ.
હોટલમાં સ્પે.રૂમ, ગુજરાતી-પંજાબી જમવા સાથે By AC 2X2 /Sleeper Coach

લગ્ન ની શોપીંગ તો MAHESHWARI માંથી જ
LIFESTYLE
શેરવાની વર્ક ફક્ત 7,999/-થી શરૂ
ટક્ષીડો શુટ ફક્ત 4,999/-થી શરૂ
કોટી - કૂર્તા સેટ ફક્ત 3,499/-થી શરૂ



3 પેન્ટ + 3 શર્ટ
(કાપડ + સિલાઈ સાથે)
ફક્ત 5,999/-થી શરૂ
ARVIND Raymond
(તમારા બધા જ પ્રસંગ માટે એક જ પેકેજ)
દુલ્હા પેકેજ
(શેરવાની સેટ + ટક્ષીડો શુટ + કોટી-કૂર્તા સેટ)
ફક્ત 10,999/- થી 39,500/- સુધી

PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sundernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

